# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-02-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## વિધાનસભામાં બે વિધેયક મંજુર થયા

વિધાનસભામાં ગઈકાલે બે વિધેયક સર્વાનુમતે મંજૂર થયા છે. રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા રજૂ કરાયેલા ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક-૨૦૨૫ અને ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયકને ગૃહે મંજૂર કર્યુ છે.

ક્લીનિકલ એસ્ટાબ્લિસમેન્ટ અંગેના કાયદા હેઠળ રાજ્યની હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, કલીનીક, સેનીટોરીયમ, ઉપરાંત લેબોરેટરી, તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજીકલ, બેકટેરીયોલોજીકલ, જીનેટીક, રેડીયોલોજીકલ, કેમીકલ, બાયોલોજીકલ તપાસ અથવા તપાસ વિષયક સેવાઓ આપવામા આવતી હોય તેવી સંસ્થાઓએ ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહે છે, જ્યારે અન્ય એક વિધાયક ,ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ્દ કરવા બાબતનું વિધેયક સર્વાનુમતે વિધાનસભામાં પસાર કરાયું હતું.

ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની તમામ કામગીરી, કાઉન્સીલનું ફંડ, સંસાધનો, માનવબળ, તેમના તમામ અધિકાર અને જવાબદારીઓ હવે "ગુજરાત સ્ટેટ અલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ" માં તબદીલ થશે. આ વિધેયક પસાર થતા હવે રાજ્યમાં અલાયદી ફિઝીયોથેરાપી કાઉન્સિલની જરૂરીયાત રહેતી નથી તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતું.

---

## ખેડુતોને દિવસે વીજળીની કામગીરી 97 ટકા પુરી:

રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું છે કે રાજ્યના 16 હજારથી વધુ ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે.

ધારાસભ્ય દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના જવાબ આપતા જણાવ્યું હતું કે દિવસે વીજળી આપવાની 97 ટકા કામગીરી પૂર્ણ થઇ છે. તેમણે વધુમાં કહ્યું કે બાકી રહેલા 3 ટકા વિસ્તારોમાં

આ કામગીરી પૂર્ણ કરવા જમીન અને કાયદાકીય પ્રશ્નોનું નિરાકરણ ટૂંક સમયમાં કરવામાં આવશે.

રાજ્યની વીજ માંગને પહોંચી વળવા અને ભવિષ્યની પેઢીને પ્રદૂષણમુક્ત વાતાવરણ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કોલસો, લિગ્નાઇટ જેવા પરંપરાગત ઊર્જા સ્રોતોના સ્થાને સૌર ઊર્જા, પવન ઊર્જા જેવા બિનપરંપરાગત ઊર્જાસ્રોતોના ઉપયોગ પર ભાર આપવામાં આવી રહ્યો છે.

---

## એઈડ્સ મુક્ત ભારતના સંકલ્પમાં સહયોગ આપવા અનુરોધ :

વર્ષ 2030 સુધીમાં 'એઈડ્સ મુક્ત ભારત'ના સંકલ્પમાં સહયોગ આપવાની અપીલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  નાગરિકોને કરી હતી.

રાજ્યમાં  પ્રથમ વખત યોજાઈ રહેલા એસિકોન રાષ્ટ્રીય સંમેલનના ઉદઘાટન સંબોધનમાં તેમણે જણાવ્યુ કે રાજ્યના બજેટમાં  આરોગ્ય ક્ષેત્ર માટે આ વર્ષે 16%ના વધારા સાથે 23,385 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું  કે વર્ષ 2047 સુધીમાં રાજ્યમાં સરેરાશ આયુષ્ય 70 વર્ષથી વધારીને 84 વર્ષ કરવાનો વિકસિત ગુજરાતના રોડમેપનો લક્ષ્યાંક છે.

---

## સામાજીક વિચાર જાગૃતિ અભિયાન:

સામાજિક વિચાર જાગૃતિના અભિયાન હેઠળ 26મી જાન્યુઆરીના મુંબઇથી શરૂ થયેલી વિમુક્તિ યાત્રા 10 હજાર કિલોમીટરનો પ્રવાસ કરીને 23મી ફેબ્રુઆરીના વિરામ લેશે.   આ યાત્રાના માધ્યમથી લોકોને વ્યસનથી દૂર રહેવા અને સ્વસ્થ સમાજના નિર્માણનો સંદેશો આપવામાં આવી રહ્યો છે.  વિમુક્તિ યાત્રા દ્વારા કચ્છમાં પણ વ્યસનથી દૂર રહેવાનો સંદેશો ફેલાવ્યો છે. વિમુક્તિ યાત્રા સાથે જોડાયેલા ડો. હર્ષદ ઉદેશીએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : હર્ષદ ઉદેશી)

---

## પાકિસ્તાનમાં કેદ 22 માછીમારોને મુક્ત કરાયા:

પાકિસ્તાનની જેલમાં કેદ થયેલા 22 ભારતીય માછીમારોને ગઈકાલે મુક્ત કરવામાં આવ્યા છે. આ માછીમારોને વર્ષ 2021-22માં પકડવામાં આવ્યા હતા જેમને લાડી જેલમાં રાખવામાં આવ્યા હતા. ગઈકાલે પાકિસ્તાન દ્વારા માછીમારોને મુક્ત કરી વાઘા બોર્ડર મોકલવામાં આવ્યા છે,ત્યારબાદ ફિશરીઝ વિભાગ દ્વારા માછીમારોનો કબ્જો મેળવી તેમને વેરાવળ લાવવામાં આવશે.

**---------------------------------------------------------------------------------------------**